# શ્રી અનાવિલ પ્રગતિ મંડળ

શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન,આત્મારામ રોડ,કારેલીબાગ,વડોદરા-૩૯૦૦૧૮.

ટ્રસ્ટ રજી. નં.એ.૨૩૦૭ ટેલી.નં. (૦૨૬૫): ૨૪૬૫૪૯૯ મો.૯૪૦૮૩૫૫૯૪૫ / ૬૩૫૧૫૬૩૧૩૯

અનાવિલ ભવન બુકીંગની માહિતી-અડધો દિવસ ભવન ભાડે રાખવાના નિયમો તા.**૦૧-૦૪-૨૦૨૫** થી અમલમાં છે.

**અનાવિલભવન નુ બૂકિંગ વહેલા તે પહેલાના ધોરણેજ કરવામાં આવે છે.**

## પરજ્ઞાતિજનો માટે (અડધા દિવસ માટે)

૧. પરજ્ઞાતિના સભ્યો માટે અનાવિલ ભવન ભાડે રાખનારે નીચે મુજબની રકમ અગાઉથી ભરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ભવન ભાડું | રૂા. | **૮૦૦૦**/- |
| ભવન અનામત | રૂા. | **૭૦૦૦**/- |
| | રૂા. | **૧૫,૦૦૦**/- |

૨. ભાડે આપેલ ભવનનો ઉપયોગનો સમય સવારે ૬:૦૦ થી બપોરે ૨:૦૦ અને બપોરે ૨:૦૦ થી રાત્રે ૧૦:૦૦ સુધીનો રહેશે.
(ઉપરોકત ભાડું ગ્રાઉન્ડ ફલોર માટેનું છે.) અનિવાર્ય સંજોગોમાં બપોરે ૨ : ૦૦ વાગ્યા પછી વધારાના સમયના ફક્ત ૧ કલાક માટે જ મળશે જેનું રૂા.૫૦૦/- વધારાનું ભાડું આપવાનું રહેશે.

૩. પ્રસંગના આગલા દિવસની રાત્રીએ (અ) પહેલા માળનો મોટો હોલ રૂા.૧૫૦૦ (બ) બે રૂમ અને હોલ રૂા. ૧૫૦૦/- (ક) બીજા માળનો હોલ રૂા. ૩૦૦૦ ના અલગ ભાડાથી આપવામાં આવશે.જેનો સમય રાત્રીના ૧૦.૦૦ થી સવારના ૬.૦૦ સુધી રહેશે.

૪. રસોડાનો ઉપયોગ કરનારને પ્રસંગની આગલી રાત્રે રસોઈયા તથા મદદનીશ સહીત પાંચ વ્યકિત ઓને જ ભવન ખાતે રહેવાની પરવાનગી આપવામાં આવશે.

૫. ભવન ભાડે રાખનારે ભવનનો કબજો લેતી વખતે અને આપતી વખતે ઈલેકટ્રીક અને ગેસ મીટરના યુનીટની નોંધણી ભવનના કર્મચારીની હાજરીમાં કરવાની રહેશે. યુનીટની નોંધણી નહિ કરવામાં આવી હોય તો ભવનના મેનેજરશ્રી તરફથી યુનીટ નકકી કરી જે બીલ આપવામાં આવશે તે સામે કોઈ તકરાર ચાલશે નહિ.જાતે અથવા કેટરીગ દ્વારા રસોઈ કરાવવાના હોય તો પણ સંપૂર્ણ રસોઈ અહીના રસોડાની ગેસ લાઈન ઉપર કરવાની રહેશે.

યુનીટના દર નીચે પ્રમાણે છે : (મેઈન્ટેનન્સ ચાર્જીસ સહિત)

| | | |
|---|---|---|
| ઈલેકટ્રીક યુનીટ દીઠ | રૂા.૧૫ | જે તે સમયે કંપનીના યુનીટ દીઠના દર બદલાય તે મુજબ ભવન ભાડે રાખનાર આપવા બંધાયેલ છે. |
| ગેસ યુનીટ દીઠ | રૂા.૧૦૦ | |

નોંધ : ૧. પ્રથમ અને બીજા માળનો હોલ એ.સી. હોવાથી ધુમાડો થાય તેવી કોઈપણ વિધિ કરવા દેવામાં આવશે નહી.
૨. રસોઈ બનાવતી વખતે મીનરલ વોટર જ ઉપયોગમાં લેવું હિતાવહ છે.

૬. ભવન માટે નકકી કરેલ બાઈઓ – મજુરણ તરીકે રાખવી ફરજિયાત છે. જેનો દર રૂા.**૪૦૦**/- નકકી કરેલ છે.
દર ૧૦૦ વ્યકિતએ બે બાઈઓ ફરજિયાત છે. જેની ચૂકવણી ભવન ભાડે રાખનારે **પ્રસંગ પત્યા પછી** બાઈઓને **રોકડે થી ચુકવણી** કરવાની રહેશે.

૭. ભવન ભાડે રાખનારે વીજ કંપની તરફથી લાઈટ જાય અથવા ઈલેકટ્રીક લાઈનમાં ફોલ્ટ થાય તો બહારથી જનરેટર મંગાવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૮. જરૂરીયાત હોય ત્યારે સાઉન્ડ સીસ્ટમ ભવન તરફથી મળી રહેશે. જેનું ભાડું રૂા.૫૦૦/- રહેશે.
નોંધ:- સાઉન્ડ સીસ્ટમ ટેકનિકલ કારણોસર બંધ થઇ જાય તો સંસ્થાની જવાબદારી રહેશે નહી. તેવા સંજોગોમાં સાઉન્ડ સીસ્ટમ નું ભાડું લેવામાં આવશે નહી.

૯. ગેસ્ટ કંટ્રોલના નિયમ પ્રમાણે રસોઈ બનાવવાની જવાબદારી ભવન ભાડે રાખનારની છે.

૧૦. ભવનની માલ મિલકતને નુકશાન થશે તો ભાડે રાખનાર તે માટે જવાબદાર રહેશે અને નુકશાનીની જે રકમ નકકી કરવામાં આવશે તે ભરવાની રહેશે.

૧૧. ભવન ભાડે રાખ્યા પછી ભાડે રાખનાર રદ કરાવશે તો તેવા સંજોગોમાં ફકત અનામતની રકમ જ પાછી મળશે. આમ છતાં આકસ્મિક સંજોગો કે સરકારી નિયંત્રણ કે કુદરતી સંજોગોમાં રદ થાય તો ભાડું પરત આપવા સહાનુભૂતિ પૂર્વક વિચારવામાં આવશે. જે અંગે વહીવટદારોનો નિર્ણય આખરી ગણાશે.

૧૨ ભવનની ઉપરના હોલનો જમણવાર માટે ઉપયોગ કરવાની મનાઈ છે. ડ્રાય નાસ્તો અને ચા/કોફી આપી શકાશે.

૧૩. ભવનની હદમાં ફટાકડા ફોડવા,લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા અને પ્રતિબંધિત પીણાંનો ઉપયોગ કરવાની સખત મનાઈ છે.

૧૪. ભવન વિસ્તારમાં ડી.જે. વગાડવા દેવામાં આવશે નહી. આ નિયમનું ઉલ્લંધન થશે તો અનામત જપ્ત કરવામાં આવશે.સાદા સ્પીકર કે માઇક વગાડવા પોલીસ પરવાનગીની ઝેરોક્ષ કોપી કાર્યક્રમના આગલા દિવસે ફરજિયાત ઓફિસમાં જમા કરાવવાની રહેશે.અન્યથા સાદા સ્પીકર કે માઇક વગાડવા દેવામાં આવશે નહી. **ભવનમાં સાદા સ્પીકર કે માઈક રાત્રિના ૧૦.૦૦ સુધીજ વગાડવા દેવામાં આવશે.એ ટાઈમ પછી પાર્ટી ની કોઈપણ જાતની રકજક ચાલશે નહી.**

૧૫. પાન-મસાલા , પડીકી ખાઈને પીચકારી મારી ભવનની મિલકત કે કંપાઉન્ડમાં આર્ટીફીસીયલ લોન બગાડનાર પાસે રૂા.૧૦૦૧/- વસુલ કરવામાં આવશે.

૧૬. બહારની સાઈડ કંપાઉન્ડમાં લાઈવ કાઉન્ટર તેમજ સુપ કાઉન્ટર લોનમાં મુકવા નહી .

૧૭. ભવન ભાડે રાખનારે ભવન દ્વારા મુકરર કરેલ ફરાસખાનાના કોન્ટ્રાકટર પાસેથી ફરાસખાનાની સામગ્રી લેવાનું ફરજિયાત છે.

૧૮. ભવનની બહારની ભાગની સફાઈ તેમજ સંડાસ તેમજ બાથરૂમની સફાઈ તેમજ એંઠવાડ ફેંકવાના રૂા,૬૦૦/- અલગથી આપવાના રહેશે.

૧૯. પ્રસંગ વખતે વાહન પાર્કિંગ માટે એક પાર્કિંગ સહાયક ના દિવસ દીઠ ના રૂા. ૩૫૦/- આપવાના રહેશે.સમારંભમાં ૨૫૦સુધી એક સહાયક ૨૫૦ થી વધારે હોય તો બે સહાયક અને ૫૦૦ થી વધારે વ્યકિત હોય તો ત્રણ પાર્કિંગ સહાયક ફરજિયાત રાખવાના રહેશે. જેની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવશે.

૨૦. ફરાસખાનાની જોઈતી વસ્તુઓ માટે ફરાસખાનાના કોન્ટ્રાકટર સાથે મોડામાં મોડા પ્રસંગના ૭ (સાત) દિવસ અગાઉ નકકી કરી એસ્ટીમેટ લઈને રકમ ફરાસખાનાના કોન્ટ્રાકટરને એડવાન્સમાં જમા કરાવવાની રહેશે.

૨૧. હાલના ફરાસખાનાના કોન્ટ્રાકટર : રોનક દેસાઈ ઈવેન્ટ સર્વિસીસ મોબાઇલ નંબર : ૯૮૨૫૦૪૬૪૬૯

૨૨. લાઈવ કાઉન્ટર તથા રસોડામાં વધારાના ગેસ સિલીન્ડરની જરૂર પડે તો કોમર્સિયલ ગેસ સિલીન્ડર જ વાપરવાનો રહેશે અને **તમામ રસોઈ રસોડા માં બનાવવાની રહેશે.**

૨૩. કોઈપણ વાહનનું પાર્કીંગ ભવનની હદમાં કરવાનું નથી. તથા ભવનના કમ્પાઉન્ડમાં કોઈપણ વાહન લાવવા દેવામાં આવશે નહિ. વાહનોમાં કિંમતી સામાન મુકવો નહી. વાહનમાંથી ચોરી થાય તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહી.

૨૪. બાળ મજુરો રાખવાની સખત મનાઈ છે.

૨૫. ભવનની બહાર પાર્કિંગ કરેલા વાહનોની સુરક્ષાની જવાબદારી સંસ્થાની રહેશે નહી.

૨૬. પ્રસંગમાં આવનાર વ્યકિતઓની સંખ્યા........................

ઉપરના નિયમો વાંચ્યા છે અને અમોને મંજૂર છે.

તારીખ: ભાડે રાખનારની સહી

ભાડે રાખનારનુ નામ :

સાક્ષી નુ પૂરું નામ :

સાક્ષી ની સહી :

**નોધ: સરકારી નિયમો અનુસાર જે તે સમયે લાગુ પડતાં સર્વિસટેક્સ / જી.એસ.ટી. સહિતના જે તે ટેક્સ ભરવાની જવાબદારી ગ્રાહક ની રહેશે.**

નાના પ્રસંગો માટે અડધા દિવસના ભાડાના દર

| વિગત | ગ્રાઉન્ડ ફલોર | પ્રથમ માળ એ.સી.હોલ | પ્રથમ માળ બે-રૂમ હોલ | બીજે માળ એ.સી.હોલ,રૂમ | બેસણાં માટે ગ્રાઉન્ડ ફલોર |
|---|---|---|---|---|---|
| ભાડું | રૂા.૮૦૦૦ | રૂા. ૧૫૦૦ | રૂા. ૧૫૦૦ | રૂા. ૩૦૦૦ | રૂા.૪૦૦૦ |
| અનામત | રૂા. ૭૦૦૦ | રૂા. ૭૦૦૦ | રૂા. ૭૦૦૦ | રૂા. ૭૦૦૦ | રૂા. ૩૦૦૦ |

નોંધ:- ઉપર મુજબનું બુકીગ પ્રસંગના પંદર દિવસ અગાઉ જ કરાવી શકાશે અને બેસણાં માટેનું બુકીગ ત્રણ દિવસ અગાઉ જ કરાવી શકાશે અને બેસણાં માટે સમય મર્યાદા બે થી ત્રણ કલાક રહેશે.